# મુખ્યમંત્રી પદની શિવસેનાની માંગ

## શિવસેનાના વલણને લઈને ભાજપ ચિંતાતુર : ૫૦-૫૦ની ફોર્મ્યુલાને અમલી કરવા મુદ્દે શિવસેનાનું હવે જિદ્દી વલણ

મુંબઈ, તા. ૨૬

હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે પરંતુ મહારાષ્ટ્રમાં તેના માટે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. ચૂંટણીમાં તેના સાથી પક્ષ શિવસેના દ્વારા નવી સરકારના બરોબરીની હિસ્સેદારી માંગવામાં આવ્યા બાદ ભાજપ માટે સંતુલન જાળવવાની બાબત મુશ્કેલી રૂપ બની રહી છે. આજે શિવસેનાએ પોતાનું વલણ વધુ કઠણ બનાવ્યું હતું અને કહ્યું હતું કે, અઢી વર્ષ માટે મુખ્યમંત્રી પદ તેમને પણ જોઈએ છે અને ભાજપને આ વાત લખીને આપવી પડશે. મહારાષ્ટ્રમાં સાથે મળીને ચૂંટણી લડનાર ભાજપને ૧૦૫ અને શિવસેનાને ૫૬ સીટ મળી છે. આ ગઠબંધનની પાસે બહુમત માટે જરૂરી ૧૪૫ સીટો કરતા આંકડા ખુબ વધારે છે પરંતુ શિવસેનાના બદલાયેલા વલણના કારણે સરકારની રચના પર ભારે સસસ્પેન્સની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. મુંબઈમાં ઉદ્ધવ ઠાકરેના આવાસ માતોશ્રી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં શિવસેનાના તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શિવસેના નેતા પ્રતાપ સરનાયકે કહ્યું હતું કે, અમારી બેઠકમાં એવુ નક્કી કરવામાં આવ્યું છે કે, અમિત શાહે લોકસભા ચૂંટણી પહેલા ૫૦-૫૦ ફોર્મ્યુલાનું વચન આપ્યું હતું. તે દ્રષ્ટિથી બંને પક્ષોને અઢી-અઢી વર્ષ માટે સરકાર બનાવવાની તક મળવી જોઈએ. શિવસેનાનું મુખ્યમંત્રી પણ હોવો જોઈએ. ઉદ્ધવ ઠાકરે ભાજપ પાસેથી લેખિતમાં ખાતરી મળે તેવી માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે શિવસેનાને ગ્રીન સિગ્નલ આપી દેવાનું જાણવા મળ્યું છે. ભાજપ અને શિવસેનાના સંબંધોમાં તંગદિલી દેખાઈ રહી છે ત્યારે મહારાષ્ટ્ર કોંગ્રેસે સંકેત આપ્યો છે કે તે શિવસેના નેતૃત્વવાળી સરકારને સમર્થન આપી શકે છે. કોંગ્રેસી નેતા અને મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા વિજય વાડિતીવારે કહ્યું હતું કે, બોલ હવે ભાજપની કોર્ટમાં છે. શિવસેનાએ નિર્ણય લઈ લીધો છે. જોકે, ભારતીય જનતા પાર્ટી શિવસેનાની આવી કોઈ પણ માંગને સ્વીકારે તેવી શકયતા ઓછી દેખાઈ રહી છે.

ભાજપની પ્રતિક્રિયાની રાહ જોવામાં આવી રહી છે. જો શિવસેના અમને કોઈ પ્રસ્તાવ આપે છે તે તેને અમલી કરવામાં આવશે. આ પહેલા અગાઉ રાષ્ટ્રવાદિ કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને નાયબ મુખ્યમંત્રી છગન ભુજબળ પણ આપ્યો હતો. ભાજપ તરફથી હજુ કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી.

## કોંગ્રેસે છેવાડા સુધી લોકોને લાભ પહોંચાડયા નથી : શાહ

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ઔડા દ્વારા તૈયાર કરાયેલા રૂ.૮૩૦ કરોડના વિકાસ કાર્યોનું આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં શહેરનો સૌથી લાંબો અંજલિ બ્રીજ, પાંચ જેટલા મલ્ટિલેવલ પાર્કિંગ, સરદાર હતી. શાહે પોતાના ભાષણ દરમ્યાન કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ચાંદીની ચમચી સાથે જન્મતા લોકોને ગરીબોના ઘરની વેદના ખબર ના હોય. કોંગ્રેસે તેના શાસન દરમ્યાન ગરીબ અને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના લાભો પહોંચાડયા નથી, તે મોદી સરકારે આખરે



પટેલ રિંગ રોડ પર બનેલા બે બ્રીજ અને રિવરફ્રન્ટ ખાતે તૈયાર કરાયેલા ચિલ્ડ્રન પાર્કનું બોપલ ખાતે આયોજિત કાર્યક્રમમાં લોકાર્પણ કરાયુ હતું. જેમાં બાળકો રમી શકે તેવો લાઈટ સાથેનો ફાઉન્ટેન તૈયાર કરાયો છે, તે આકર્ષણનું કેન્દ્ર બને તેવો છે. આ પ્રસંગે અમિત શાહે મોદી શાસન દરમ્યાન ગરીબ અને મધ્યમ વર્ગ સહિત તમામ વર્ગના લોકો માટે કરાયેલા કામોની યાદ અપાવી સાકાર બતાવ્યું છે. આજે દેશમાં લોકોના કામો કરનાર અને વિકાસની હરણફાળ ભરનાર મોદી સરકારના અને મોદી મોદીના નારા લાગી રહ્યા છે ત્યારે મોદી-મોદીના નારાઓ સાંભળી કોંગ્રેસના પેટમાં ચૂંક ઉપડે છે. ઉલ્લેખનીય છે કે, શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રૂ.૭.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ચીલ્ડ્રન પાર્કમાં ૩૨૭ ચોરસમીટર જગ્યામાં લાઈટ સાથેનો ફાઉન્ટેન તૈયાર કરાયો છે.

## દુષ્યંત ચૌટાલાના પિતા અજય ચૌટાલાને જેલમાંથી રજા મળી

ચંદીગઢ, તા. ૨૬

હરિયાણાની જન નાયક પાર્ટીના પ્રમુખ દુષ્યંત ચૌટાલાના પિતા અજય ચૌટાલાને બે સપ્તાહ માટે જેલમાંથી રજા મળી ગઈ છે. તેઓ આજે સાંજે અથવા તો રવિવાર સવાર સુધી જેલમાંથી બહાર આવી શકે છે. તેઓ હાલ દિલ્લીની તિહાર જેલમાં છે. બે દિવસ પહેલા ૨૪મી ઓક્ટોમ્બરના દિવસે હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામમાં દુષ્યંત ચૌટાલાની પાર્ટીના ૧૦ ધારાસભ્યો જીત્યા છે. ભાજપ સાથે નવી સરકાર બનાવવાની ડીલમાં પોતાની પાર્ટી માટે નાયબ મુખ્યમંત્રી પદ પણ મેળવી લેવામાં સફળતા મળી છે. અજય ચૌટાલા હરિયાણામાં જુનિયર બેઝિક ટ્રેન્ડ ભરતી પરિક્ષામાં જેલની સજા ભોગવી રહ્યા છે. ઓમપ્રકાર ચૌટાલા અને તેમના પુત્ર અજય ચૌટાલાને સીબીઆઈની કોર્ટે ૧૦-૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ કૌભાંડમાં કુલ ૫૫ લોકોને કોર્ટે દોષીત જાહેર કર્યા હતા. આ વર્ષે જુન મહિનામાં તિહાર જેલમાં ચકાસણી દરમિયાન અજય ચૌટાલાની પાસે મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ગુપ્ત સુચનાની આધાર ઉપર પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.



ત્યારબાદ તેમની પાસેથી ફોન મળી આવ્યો હતો. એ વખતે પણ આને લઈને ભારે ચર્ચા રહી હતી. જે અપરાધી અડધાથી વધારે જેલની સજા ભોગવે છે તેને વર્ષમાં ૪ સપ્તાહ માટે ફરલો આપવામાં આવે છે.

ફરલો અપરાધીને સામાજિક કાર્યો અને પારાવાહિક સંબંધોને જાળવવામાંકહેવામાં આવે છે. તેમની અરજી ડીજી જેલ પાસે મોકલવામાં આવે છે. ત્યારબાદ આને ગૃહ વિભાગ પાસે મોકલવામાં આવે છે. તેના ઉપર ૧૨ સપ્તાહમાં નિર્ણય થાય છે. એક વખતમાં બે સપ્તાહ માટે ફરલો આપવામાં આવે છે અનો તેને બે સપ્તાહ માટે એક્સટેન્સન આપવામાં આવે છે. ફરલો અપરાધીની ફરજ હોય છે કે, જ્યારે પેરોલ અધિકાર તરીકે માંગી શકાય નહી.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

ફટાકડાના અવાજોથી આપણે વાતાવરણને દુષિત કરવા સિવાય કશુંય કરતા નથી. પરંતુ આપણી અંદરનું વાતાવરણ શુદ્ધ થશે તો આપોઆપ આપણી અંદરની શક્તિ જાગૃત થશે અને સત્યનો આવિર્ભાવ થતા સંતાનોમાં પણ પારિવારિક સંવેદનાનો ભાવ દઢ બનશે.

દિવાળી એ દાનનો પણ ઉત્સવ છે. આ દિવસે કરેલું દાન મહાદાન ગણાય છે. ગરીબ અને યોગ્ય વ્યક્તિને આજના દિવસે દાન પણ કરવું જોઈએ. આપણે ધનતેરશે સોનું ચાંદી તો ખરીદીએ છીએ પણ એ દિવસે કોઈને કશું આપતા નથી. ખરેખર તો એ દિવસે જેટલું આપશો એના હજારો ગણું કુદરત પાછું પણ આપશે, કેમ કે પ્રકૃતિનો એક નિયમ છે કે એ તમને કશું નવું કે વધારે આપતી નથી. તમે એને જે આપો છો એ જ તમને એ બીજા કોઈ સ્વરૂપે પાછું આપે છે. પ્રેમના બદલામાં પ્રેમ, નફરતના બદલે નફરત. આપણે ઈશ્વર પાસેથી, પ્રકૃતિ પાસેથી જે જોઈએ છે તે પહેલા થોડું આપતા પણ શીખવું જોઈશે. કેમ કે પ્રકૃતિ કે ઈશ્વર એ આપણા કર્મોનું જ વાસ્તવિક પ્રતિબિંબ છે. પ્રકૃતિ એ એવો અરિસો છે કે જેમાં આપણે ક્યારેય જોતા જ નથી. આ દિવાળી એ પ્રકૃતિની અંદર, આપણા મનની અંદર, હદયની અંદર લીન થવાનો ઉત્સવ છે. એકબીજાને માફ કરીને, એકબીજાને પ્રેમ કરવાનો ઉત્સવ છે. 'સ્વ' થી સર્વ સુધી પહોંચવાનો મહાન પવિત્ર ઉત્સવ છે.

- 9426060601.india@gmail.com

### રઝળપાટ ● ચોથા પાનાનું ચાલુ

છે...! જોક્સ એપાર્ટ..તહેવારોની ઉજવણીનો મેઈન અને મહત્વનો કોઈ ભાગ હોય તો એ છે રૂબરૂ મિલન-મુલાકાત ! તમે કોઈના ઘરે જાઓ, કોઈ તમારા ઘરે આવે...દિવાળી-નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે થાય. રૂટીનમાં તો ક્યાં કોઈને ટાઈમ હોય જ છે હે? ઘરઆંગણે દોસ્તો-કુટુંબીઓ-પરિવારની સાથે દિવાળીના તહેવાર ઉજવવાની મજા જ કઈ ઓર છે ભલે ને તમે આલ્પ્સની પહાડીયોમાં કે કાશ્મીરની વાદીઓમાં કે પછી ૨ લાખના ટુર પેકેજમાં 'ફોરીન' ગયા હોવ પણ દિવાળીની જે મજા અપનો કે બીચ હે ના વો દુનિયામે ઓર કોઈ જગહ પર નહિ મીલતી..! બીકોઝ ' દિવાલી આઈ... સબ કે ખુશિયા લાઈ...!' સર્વે વાંચકોને શુભ દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન...!



### સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી રોશનીથી ઝગમગી ઉઠ્યુ

ખુશી અને પ્રકાશનું પર્વ દિવાળી અંધકારમાંથી ઉજાશ તરફ લઈ જતું પાવન પર્વ છે. દિવાળીમાં દરેક ઘરનાં આંગણાં દીવડાં ઝગમગે છે. દિવાળીના પાવન અવસરે અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર અને મંદિર પરિસરને લાઈટોની રોશનીથી શણગારવામાં આવતા ઝળહળી ઉઠ્યું હતું. મોટી સંખ્યામાં દિવાળી પર્વમાં ભક્તો મંદિરમાં બિરાજમાન કાળીયા ઠાકોરના દર્શનાર્થ ઉમટી પડશે.

## મોડાસાના બાકરોલ ગામે મેશ્વો નદીમાં નાહવા પડતા એક યુવાન ડૂબ્યો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બાકરોલ ગામમાંથી વહતી મેશ્વો નદીમાં ગામનો યુવક ગઈકાલે સવારે ૧૧ વાગે નાહવા પડ્યો હતો. ત્યારબાદ બપોર સુધી યુવક ઘરે પરત ન ફરતા તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. નદીના કીનારે તેના કપડા મળી આવતા નદીમાં તલાશ કરવામાં આવી હતી. જોકે તેની કોઈ ભાળ મળી નહોતી. તંત્ર દ્વારા એન.ડી.આર.એફ.ની ટીમને કામે લગાડવામાં આવી હતી. જોકે આજે સવારે ગામના એક તરવૈયાએ આજે સવારે શોધખોળ કરતા યુવકની લાશ મળી આવી હતી.

## અયોધ્યા ખાતે દિવાળી પર્વની ભવ્યાતિ ભવ્ય ઉજવણી આરંભાઈ

### અયોધ્યામાં દિપોત્સવ કાર્યક્રમ પાંચ દિવસ ચાલશે : રામ, સીતા તેમજ લક્ષ્મણના હેલિકોપ્ટર મારફતે અયોધ્યા આગમન પર મુખ્યમંત્રી યોગી દ્વારા શાનદાર રીતે સ્વાગત

અયોધ્યા, તા. ૨૬

અયોધ્યામાં ભવ્ય દિપોત્સવ કાર્યક્રમની શરૂઆત થઈ ચુકી છે. કાર્યક્રમની શરૂઆત થયા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, ભગવાન રામની પરંપરા પર અમને તમામને ગર્વ થાય છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ રાજ્યની ધારણાને સાકાર કરવામાં ચાવીરૂપ પરંપરાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ મંચ પર ફરીએકવાર સાબિત કરી છે. આને માટે તેઓ વડાપ્રધાનનો આભાર માને છે. દિવાળીના એક દિવસ પહેલા અયોધ્યામાં દિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શ્રીરામના સ્વાગત માટે અયોધ્યા નગરીને ત્રેતાયુગની જેમ જ શણગારવામાં આવી હતી. સરયુ નદીના કિનારે લાખો દિવડા પ્રગટાવવામાં આવ્યા



ભૂમિકા અદા કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ ગાળા દરમિયાન અનેક વિકાસ કાર્યો ખુબ ઝડપથી થઈ રહ્યા છે. અગાઉની સરકારો અયોધ્યાના નામથી પણ ભયભીત થઈ જતી હતી. પરંતુ પોતાની અવધી દરમિયાન તેઓ દોઢ ડઝન વખતે અયોધ્યામાંઆવી ચુક્યા છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ૨૨૬ કરોડની યોજનાઓનું લોકાર્પણ કર્યુ હતું. આ પહેલા રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામ, સીતા અને લક્ષ્ણના હેલિકોપ્ટરથી અયોધ્યામાં આગમન પ્રસંગે તિલક લગાવીને તેમનું સ્વાગત કર્યું હતું. યોગીએ પોતે આરતી ઉતારીને રામ-સીતાનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સંબોધતા તેમણે કહ્યું હતું કે, દેશને શાનદાર નેતૃત્વ આપવામાં મોદીની ભૂમિકા રહેલી છે. મોદીના નેતૃત્વમાં દેશ ફરીએકવાર વિશ્વ ગુરુ બનવાની દિશામાં છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભારતની સાંસ્કૃતિક હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતે સ્વાગત માટે વ્યસ્ત રહ્યા હતા. આજે આ ખાસ આયોજન ઉપર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ હતી. સુરક્ષા વ્યવસ્થા ખુબ મજબૂત કરવામાં આવી હતી. સોમવારથી જ ફોર વ્હીલર્સના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દિપોત્સવના ભવ્ય આયોજનને લઈને આશરે ૩૫૦૦૦ પોલીસ કર્મચારીઓને સુરક્ષા માટે ગોઠવવામાં આવ્યા હતા.

૧૨ એડિશનલ એસપી, ૩૦ ડીવાયએસપી, ૮૦ ઈન્સ્પેક્ટરો, ૨૫૦ એસઆઈ, ૩૨ મહિલા એસઆઈ, ૯૦૦ કોન્સ્ટેબલો, ૨૦૦ મહિલા કોન્સ્ટેબલો, ૧૩ હેડકોન્સ્ટેબલ ટ્રાફિક ઉપસ્થિત રહ્યા હતા. જુદા જુદા ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. અયોધ્યામાં દિપોત્સવ કાર્યક્રમની શરૂઆ થયા બાદ આ કાર્યક્રમ પાંચ દિવસ ચાલશે. કાર્યક્રમમાં રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.



### ડીસામાં દિવાળીની છેલ્લી ઘડીની ખરીદીનો ઘસારો

બનાસકાંઠા જિલ્લો સરહદને અડીને આવેલો અંતરિયાળ વિસ્તાર છે. સતત ચાર વર્ષથી બટાકાની મંદીના પગલે જગતનો તાત ખેડૂત સાથે વેપારીઓ પણ પાયમાલ થયા છે. ડીસા તાલુકામાં પણ સતત ચાર વર્ષથી ખેતી નિષ્ફળ જતા સમગ્ર જનજીવન ઉપરની અસર વર્તાઈ છે. જેની અસર બજાર ઉપર પડતા ડીસાના બજારો સુમસાન ભાસવા લાગ્યા હતા. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી બજારમાં દીવાલીની છેલ્લી ઘડીની ઘરાકી જોવા મળી હતી, જેથી બજારોમાં હૈયાથી હૈયું દબાય તેવી ભીડ જામી હતી. જેમાં કપડાં, મીઠાઈ, કરીયાણુ, દાગીનાના સ્ટોર ગ્રાહકોથી ઉભરાઈ ઉઠ્યા હતા.

## અંધારા ઉલેચી જીવનમાં પ્રકાશ પાથરવાનું પર્વ એટલે દિવાળી

નવરાત્રી પૂર્ણ થયા બાદ લોકો દિવાળીના તહેવારોની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે શરૂ થયેલા આ મહાપર્વ આવતીકાલથી એટલે કે સંવત ૨૦૭૬નો પ્રથમ દિવસ હશે, જ્યારે રવિવારે વિક્રમ સંવત ૨૦૭૫નો છેલ્લો દિવસ એટલે કે દિવાળી તરીકે લોકો ઉજવશે. તહેવારોને અનુલક્ષીને લોકોએ મંદીના બરાડા ભુલી જઈને શનિવારે હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે લોકોએ ખરીદી કરવા માટે ઘસારો કરતા બજારોમાં જાણે કે માનવ કિડીયારૂ ઉભરાયુ હોય તેમ જણાઈ રહ્યું છે.

લોકોએ ભુતકાળમાં ચાલી આવતી પરંપરાઓને અનુરૂપ તન અને મનમાંથી દ્વેષભાવ, ઈર્ષા તથા રોગરૂપી વિચારોને દુર કરીને નવા વર્ષે પરીવાર તથા લોકકલ્યાણની ભાવના સાથે મનનું શુદ્ધિકરણ કરીને આત્માકલ્યાણના વિચારોના બીજ રોપવાનો મનોમન નિર્ધાર કરવો રહ્યો. માન્યતા પ્રમાણે જિલ્લામાં અનેક લોકોએ કાળીચૌદશની સાધના અને ભક્તિ કરીને કકળાટને તિલાંજલી આપી હતી. આજે રવિવારે પર્વોમાં મહાપર્વ તરીકે ઓળખાતા દિવાળીના શુભદિને અનેક પરીવારો ઘરમાંથી અંધારાને દૂર કરીને દિવડા પ્રગટાવી પ્રકાશ પાથરશે. તથા સૌ પરીવારજનો એકમેકને સાથે રાખી આનંદોત્સવ ઉજવશે.

દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા, નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પલેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ